
Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'A' grade
सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–દક્ષિણાયન
## Dakshinayan e-Newsletter

For Private Circulation Only

Vol. 13, Issue. 229, February 2022

શિક્ષણ એટલે શું ? પુસ્તકાભ્યાસ ? ના. અનેકવિધ જ્ઞાન ? એ પણ નહિ. જે કેળવણીથી ઈચ્છાશક્તિનો પ્રવાહ અને આવિષ્કાર સંયત બનીને ફળદાયી બને શકે તેનું નામ શિક્ષણ. સાચા શિક્ષણને એક પ્રકારની વિશિષ્ટ શક્તિ અથવા તો સમર્થ અને શુભ સંકલ્પો કરતાં શીખવવાની કેળવણી તરીકે વર્ણવી શકાય. શિક્ષણ એટલે કેવળ શબ્દોનો મેળો નહિ.માનવનું ઘડતર એ જ દરેક સાચા શિક્ષણનું ધ્યેય હોવું જોઈએ.

– સ્વામી વિવેકાનંદ

## દિપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

આજે તમે જે શિક્ષણ પ્રાપ્ત કરી રહયા છો તેનાંય અમુક તત્ત્વો તો સારાં છે, પણ એનાથી એટલા બધા ગેરફાયદા થાય છે કે આ સારાં તત્ત્વો એથી નહિવત્ જ બની રહે છે. પહેલું તો એ કે આ શિક્ષણથી માનવ ઘડાતો નથી, એ તો કેવળ નકારાત્મક છે ને આવું નકારાત્મક શિક્ષણ તો મૃત્યુ કરતાં ભૂંડું હોય છે. બાળકને નિશાળે મૂકવામાં આવે છે ; સૌથી પહેલું એ શીખવવામાં આવે છે કે એના બાપ મૂરખ છે ; બીજું, એના દાદા પાગલ હતા ; ત્રીજું, એના બધા શિક્ષકો દંભી છે; ચોથું, એ બધાં ધર્મપુસ્તકોમાં નરાતર જુઠ્ઠાણું ભર્યું છે! એ સોળ વર્ષનો થાય ત્યાં સુધીમાં તો એ આવી બધી પ્રાણહીન, અસ્થિહીન, કેવળ નકારાત્મક વાતોનાં ભંડાર જેવો જ બની જાય છે ; વળી છેલ્લા પચાસ વર્ષ સુધીમાં એક પણ મૌલિક શક્તિવાળો સાચો માણસ પાકયો નથી, એ આનું પરિણામ ! ને જો કોઈ એવો પ્રતિભાશાળી મળી આવશે તો તે અહીં શિક્ષણ નહિ પામ્યો હોય, અથવા તો આજના વહેમોથી પરિશુધ્ધ થવાને એ ફરી પ્રાચીન વિદ્યાપીઠોમાં ગયો હશે.

બાલ્યકાળથી જ આપણે આ પ્રકારનું નકારાત્મક શિક્ષણ પામતા આવ્યા છીએ. આપણે નગણ્ય છીએ એટલું જ આપણે શીખ્યા છીએ. આ દેશમાં પણ કદીક મહાન વિભૂતિઓ જન્મી હતી એવું તો આપણને ભાગ્યે જ શીખવવામાં આવે છે. કશું પણ સંગીન સ્વરૂપનું આપણને કદીય શીખવવામાં આવતું નથી. આપણા હાથપગ કેવી રીતે ચલાવવા તે પણ આપણે જાણતા નથી હોતા ! આપણે કેવળ આપણી નિર્બળતાઓનું જ જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય છે.

આજની શિક્ષણપ્રથા તો માત્ર કારકુનને જ ઉત્પન્ન કરનારું યંત્ર છે. અરે, એટલેથી જ જો અટક્યું હોત તો પણ વિધિનો ઉપકાર માનત. પણ ના ! જુઓ તો ખરા, માણસો કેવા શ્રધ્ધાહીન આસ્થાહીન બનતા જાય છે! એ લોકો છાતી ઠોકીને બેધડક કહે છે કે 'ગીતા' તો 'મહાભારત'નો પ્રક્ષિપ્ત અંશ છે ને 'વેદ' તો ગ્રામજનોનાં લોકગીતો જ છે ! ભારત બહારની વસ્તુઓ અને પ્રજાઓને લગતી નાનામાં નાની વિગત પર પ્રભુત્ત્વ મેળવવાનું એમને ગમશે, પણ જો તમે એમને એમની સાત પેઢી સુધીના વડવાઓનાં નામ માત્ર પૂછશો–ચૌદ પેઢી સુધીની વાત જ જવા દો–તો એ વિશે એઓ કશુંયે જાણતા હશે નહિ !

આપણા પંડિતો આપણાં બાળકોને પોપટ બનાવી મૂકે છે. અનેક વિષય ગોખાવીને એમનાં મગજને ક્ષીણ કરી મૂકે છે. ભલા ભગવાન ! સ્નાતક થવા માટે કેટલી ધામલ, અને થયાં કે થોડા દિવસ પછી બધું જ ફરી ટાઢું ટપ ! એ બધું છતાં, આખરે તો આપણો ધર્મ અને આપણા રીતરિવાજો ખરાબ છે ને પશ્ચિમનાં લોકોનો ધર્મ ને રીતરિવાજો સારાં છે એટલું જ–એ સિવાય એ લોકો બીજું શીખવે છે ? ભૂખનો હાઉ એમને સતાવવા માંડે છે ! આ ઉચ્ચશિક્ષણ જાય કે રહે તેથી આપણે શું ? આના કરતાં તો લોકો થોડીઘણી હુન્નર ઉદ્યોગની કેળવણી લેતા હોય તો વધારે સારું કે જેથી કંઈ ને કંઈ કામધંધો કરી રોટલો તો રળી શકે ! એથી બીજાને બારણે ધકકા ખાઈને સેવાચાકરીની યાચના કરવાનું તો નહિ રહે !

જેને પરિણામે સદીઓથી આપણી સંકલ્પશક્તિ કુંઠિત થઈને મૃતપ્રાય થઈ ગઈ તેને આપણે શિક્ષણ કહીશું ? જેના પ્રતાપે આપણા જૂના વિચારો, નવાનો તો ઉલ્લેખ જ શું કરવો, પણ હવે એક પછી એક અદૃશ્ય થતા જાય છે તેને શું શિક્ષણ કહીશું ? જે માણસને ધીમેધીમે યંત્ર જેવો બનાવતું જાય છે તે શિક્ષણ ? પોતાની સ્વતંત્ર ઈચ્છાશક્તિ અને દોરવણીને સ્વીકારીને ખોટા પડવું તે આવા યંત્રવત બનવા કરતાં હજારગણું સારું એવું હું તો માનું છું.

ઠીક, જો કોઈ એક માણસ અમુક પરીક્ષામાં ઉત્તીર્ણ થાય અને વ્યાખ્યાનો આપી શકે તો જ તે કેળવાયેલો છે એમ તમે માનો છો. જીવન માટેના સંઘર્ષમાં ટકી રહેવા પૂરતી સાધનસામગ્રી સામાન્ય જનસમૂહને પ્રાપ્ત કરી આપવામાં જે શિક્ષણ મદદ નથી કરી શકતું, જે શિક્ષણ ચારિત્ર્ય–બળ, પરોપકારની ભાવના અને સિંહના જેવી હિંમત ખીલવી નથી શકતું તે શિક્ષણના નામને પણ લાયક છે ખરું ? તમે અત્યારે શાળાઓમાં અને કોલેજોમાં જે શિક્ષણ પામો છો તે તમને અજીર્ણથી પીડાતા રોગીઓ જ બનાવી મૂકે છે. તમે કેવળ યંત્ર જેમ કાર્ય કર્યે જાઓ છો અને કૂવામાંના દેડકા જેવું જીવન જીવો છો.

(સાભાર : સ્વામી વિવેકાનંદ. આપણા હાથમાં ભારતનું ભાવિ. રાજકોટ: શ્રી રામકૃષ્ણ આશ્રમ, ૨૦૧૨. આધુનિક શિક્ષણ પ્રથા. પૃ.૪૬–૪૮).

**તા. ૩૦ માર્ચ, ૨૦૨૨**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### Department of Biotechnology

### આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ










યુનિવર્સિટીના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા ૨૧ ફેબ્રુઆરી,૨૦૨૨ ના રોજ તમામ શૈક્ષણિક કર્મચારી, બિન–શૈક્ષણિક કર્મચારી અને વિદ્યાર્થીઓ માટે 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણીનું આયોજન થયું હતું. સહભાગીઓ એવા પૂર્વ વિદ્યાર્થીઓ તથા વિવિધ સેમેસ્ટરનાં વિદ્યાર્થીઓએ માતૃભાષાની વિવિધતા જેવા કે ગુજરાતી, હિન્દી, બંગાળીમાં પોતાની માતૃભાષા માટેના મંતવ્યો, ગઝલો, ચિત્રો અને કવિતાઓની મૌલિકતા રજૂ કરી, માતૃભાષા માટે પોતાનો પ્રેમ અતિ ઉત્સાહ સાથે વર્ણવ્યો હતો. નવેમ્બર,૧૯૯૯ માં સંયુકત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા (UNESCO)ની એક જનરલ કોન્ફરન્સમાં ૨૧ ફેબ્રુઆરીના દિવસેને 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ' તરીકે જાહેર કરીને તથા તેના ઉજવવાનો આગ્રહ રાખીને, માતૃભાષાનું અનન્ય મહત્વ જાળવવાનો અનેરો પ્રયાસ હાથ ધર્યો હતો.

વર્તમાન અભ્યાસ કરતી, એક આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી, મૂળ મોઝામ્બિક, દ્વારા પોતાની માતૃભાષા, પોર્ટુગીઝમાં લોકગીત પોતાના લોક પહેરવેશમાં રજૂ કર્યુ હતું. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીઓ દ્વારા સરસ્વતી વંદનાથી થઈ અને ત્યારબાદ ડૉ. માનસી મહેતાએ કાર્યક્રમના વિષય અંગે શ્રોતાઓને સંબોધિત કર્યા હતા. ડૉ. ગૌરવ શાહ, (કો–ઓર્ડીનેટર) દ્વારા તમામ ભાષાઓના મહત્વ અંગે પ્રેરક વક્તવ્ય પ્રદાન થયું હતું.

એકંદરે ઉચ્ચ ઉર્જાથી ભરેલા ૮૬ સહભાગીઓ સાથે કાર્યક્રમનું આયોજન માતૃભાષા માટેના પ્રેમને ઉજાગર કરતું સફળ રીતે પૂર્ણ થયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંકલન ડૉ. માનસી મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું અને સુશ્રી હિમાંશી ગઢીયા દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

### Milestones of Modern Science & Technology: Lecture

Dr. Gaurav Shah delivered Lecture as resource person on "Milestones of Modern Science & Technology" to approximately 150 young and curious college & school students as a part of "Azadi Ka Amrut Mahotsav", National Science Week at Dr. APJ Abdul Kalam Government College, Silvassa, Gujarat on 24th February, 2022. Aim of his invited talk, as a representative of Veer Narmad South Gujarat University, Surat, was to motive young school and college students to pursue career in science. He made them aware regarding contribution of Indian scientists for betterment of our country and world. He inculcated in participants regarding importance of research and innovation with three "mantras" for successful career: Development of Knowledge, Skill & Motivation.










## Department of Economics

### 'પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના – હર ખેત કો પાની' પ્રોજેક્ટ રીપોર્ટ વિમોચન કાર્યક્રમ










તા. ૨૨–૦૨–૨૦૨૨ને મંગળવારે અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપકો દ્વારા "પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના–હર ખેત કો પાની" પ્રોજેક્ટ રીપોર્ટના વિમોચન

કાર્યક્રમનું આયોજન રૂમ નં. ૨૦૫, મુખ્ય કાર્યાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રોજેકટ રીપોર્ટનું વિમોચન કુલપતિ શ્રી ડૉ. કે. એન. ચાવડાના હસ્તે કરવામાં આવ્યું હતું અને રજીસ્ટ્રાર શ્રી જયદીપ ચૌધરી પણ હાજર રહ્યા હતા. પ્રોજેકટ રીપોર્ટ વિમોચન દરમિયાન પ્રોજેકટ અંગે અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. શ્રીનીવાસારાવે પ્રોજેકટ રીપોર્ટ અંગેની પૂર્વભૂમિકા બાંધી હતી અને પ્રોજેકટ રીપોર્ટ અંગેનું રેખાચિત્ર રજુ કર્યૂ હતું. તેમણે ડાંગ વિસ્તાર અને ત્યાંના લોકોની પરિસ્થિતિ અંગે પણ ચર્ચા કરી હતી. ત્યારબાદ અધ્યાપક શ્રી ડૉ. ગૌરાંગ ડી. રામી, ડૉ. યોગેશ એન. વાંસિયા, ડૉ. મનિષ પટેલ, ડૉ. સચિન મહેતાએ આ પ્રોજેકટનાં ફિલ્ડવર્ક વિષે વાત કરી ડાંગ વિસ્તારમાં આ પ્રોજેકટને લઈને જે અનુભવો થયા, કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડયો વગેરે વિશે વાત કરી. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા પ્રોજેકટની એક–એક નકલ કુલપતિશ્રી અને રજીસ્ટ્રારશ્રીને ભેટ સ્વરૂપે આપવામાં આવી. ત્યારબાદ કુલપતિશ્રી અને રજીસ્ટ્રારશ્રી દ્વારા આ પ્રોજેકટ ટૂંકા સમયગાળામાં સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપકોને શુભકામનાઓ પાઠવી પ્રોત્સાહિત કર્યા તથા યુનિવર્સિટીમાં આવું જ શૈક્ષણિક વાતાવરણ જળવાઈ રહે તેવી આશા વ્યકત કરી પોતાનાં વક્તવ્ય પૂર્ણ કર્યાં. અંતે અધ્યાપક શ્રી ડૉ. યોગેશ એન. વાંસિયાએ કુલપતિશ્રી તથા રજીસ્ટ્રારશ્રીનો પ્રોજેકટ વિમોચન કાર્યક્રમમાં હાજરી આપવા બદલ અને તકનીકી સહાય બદલ આભાર વ્યકત કરી કાર્યક્રમની સમાપ્તિ કરી.

## આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસઃ વ્યાખ્યાન










તા. ૨૧–૦૨–૨૦૨૨ને સોમવારે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર વિભાગ ખાતે માતૃભાષા વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત વિભાગના અધ્યાપકશ્રી ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા કરવામાં આવી હતી ડૉ.વાંસિયા દ્વારા વિશ્વની વિવિધ ભાષા, તેનો ઉપયોગ અને સામાજિક વિજ્ઞાનમાં અને સંશોધનમાં તેના ઉપયોગ વિષે ચર્ચા કરી હતી. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રી એસ. શ્રીનીવાસા રાવને આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ નિમિત્તે પોતાનું વક્તવ્ય રજૂ કરવા માટે આગ્રહ કર્યો. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રી એસ. શ્રીનીવાસાએ વિદ્યાર્થીઓને જણાવ્યું કે "દરેક ભાષા એ લોકોને જોડવાનું કામ કરે છે" ત્યારબાદ તેમણે માતૃભાષાના મહત્વ અંગેની ચર્ચા કરી તથા પોતાની માતૃભાષા અંગે પણ ચર્ચા કરી. પોતાનું વક્તવ્ય પૂર્ણ કરતા તેમણે જણાવ્યું કે તેમને પોતાની માતૃભાષા પર ગર્વ છે. ત્યારબાદ મુખ્ય અતિથિ ડૉ. મુકેશભાઈ વસાવાએ પોતાનું વક્તવ્ય રજુ કર્યુ. તેમણે પોતાના વક્તવ્યની શરૂઆત વિદ્યાર્થીઓને એક પ્રશ્ન પૂછીને કરી તેમનો પ્રશ્ન હતો કે ભાષા ઇશ્વરરચિત છે કે માનવરચિત છે? આ પ્રશ્નનો જવાબ આપતા કેટલાક વિદ્યાર્થીઓએ જણાવ્યું કે ભાષા એ ઇશ્વરરચિત છે તો કેટલાક વિદ્યાર્થીઓનું માનવું હતું કે ભાષા એ માનવરચિત છે. ત્યારબાદ આ પ્રશ્નનો જવાબ આપતા શ્રી મુકેશભાઈ વસાવાએ જણાવ્યું કે ભાષાએ માનવરચિત છે. તેમણે જણાવ્યું કે કોઈ બાળક ભાષા સાથે જન્મ નથી લેતું, ભાષા જે તે આગળની પેઢી, કુટુંબ સમાજ દ્વારા મળે છે. તેમણે જણાવ્યું કે માતૃભાષાની સાચી વ્યાખ્યા કરીએ તો "જે ભાષા માતા પાસેથી શીખીએ તે જ માતૃભાષા કહેવાય". ડૉ. મુકેશ વસાવાએ તેમના વિશેષ વ્યાખ્યાનમાં વૈદિક

સંસ્કૃતિના સંદર્ભમાં ભાષાને જોડીને ખુબ સુંદર રજુઆત કરી હતી. તેમણે તેમના વ્યાખ્યાનમાં ભારતમાં આઝાદી પહેલા અને આઝાદી પછી ભાષા અને તેમા આવેલા બદલાવોને પોતાની ચર્ચામાં સાંકળી લીધા હતાં. તેમણે વિશ્વમાં કેટલી ભાષાઓ છે તેમની ભારતની કેટલી ભાષા છે અને ભારતની કેટલી ભાષા સંસ્કૃત ભાષા પરથી ઉતરી આવી છે તેની માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. તેમણે જણાવ્યું કે આગળ આવનારા સમયમાં વિશ્વની ૨૫૦૦ જેટલી ભાષાઓ નષ્ટ થવા જઈ રહી છે, તેમાં ભારતની કુલ ૬૨ ભાષાનો સમાવેશ થાય છે. તેમના જણાવ્યા મુજબ આઝાદી પછી ભારતની કુલ ૯ ભાષાઓ નષ્ટ થઈ ગઈ છે તે તમામ ૯ ભાષા આદિવાસી સમાજની છે. આગળ તેમણે જણાવ્યું કે વૈશ્વિકીકરણમાં ટેકનોલોજીના વધુ પડતા વપરાશની અસર જે તે બોલી પર થાય છે. વિવિધ કારણોસર જે સ્થળાંતરો થઈ રહ્યાં છે તેની આપણી સાંસ્કૃતિક પરંપરા પર અસર થઈ રહી છે. યુનેસ્કોના રીપોર્ટના સંદર્ભમાં લઈ તેમણે જણાવ્યું કે વિશ્વની ૬૦૦૦ ભાષા માંથી ૨૦૦ ભાષાઓ ક્રમશઃ નાશ પામી છે અને ૨૫૦૦ નાશ થવાનાં આરે પર છે, અને તેમાંથી ૧૯૬ જેટલી ભાષા એ ભારતની છે, જે આંકડા સાથે તેમને વિદ્યાર્થીને સજાગ કર્યા હતા. તેમણે જણાવ્યું કે ભાષા હજારો વર્ષની પ્રક્રીયાનું પરિણામ છે તેનો નાશ થવો એ ચિંતાનો વિષય છે. વૈશ્વિકરણ, શહેરીકરણને જોડીને તેમને સ્પષ્ટ જણાવ્યું કે પ્રસ્તૃત પ્રક્રિયામાં મજૂર–માલિકના સંબંધો, સ્થળાંતર વગેરેના કારણે ભાષામાં મોટા બદલાવો આવ્યા છે, જે–તે માતૃભાષા ક્રમશઃ નાશ થઈ રહી છે તેમનાં જણાવ્યા પ્રમાણે ભાષા નષ્ટ થવા માટે શિક્ષણ પણ એક જવાબદાર કારણ છે સાથે સાથે તેમણે નવી શિક્ષણ નીતિમાં આ બાબતની કાળજી લેવાઈ રહી છે જે સારી બાબત છે તેમ જણાવ્યું હતું, તેમણે જણાવ્યું કે નવી શિક્ષણ નીતિમાં માતૃભાષામાં શિક્ષણના ખ્યાલ થકી રાષ્ટ્ર અને જે–તે વિસ્તારમાં રહેલી મોટી સંખ્યામાં માતૃભાષા જળવાયેલી રહેશે. તેમણે ભાષા નષ્ટ થવાથી તેને બચાવવા માટે અનેક ઉપાયો વિદ્યાર્થીઓ સમક્ષ જણાવ્યા અને કહ્યુ કે, આ ઉપાયો જો દરેક પોતાના જીવનમાં અનુસરે તો ભાષા લુપ્ત થતી બચાવવામાં પોતાનો મહત્ત્વનો ફાળો આપી શકશે અને ભાષા લુપ્ત થતી મહદઅંશે બચાવી શકાશે. તેમણે જે ઉપાયો જણાવ્યા તેમાં જણાવ્યું કે, દરેક વ્યકિતએ બીજા સમાજ અને સંસ્કૃતિનું સન્માન કરવું જોઈએ, જેને આપણે પછાત અને જંગલી ગણીએ છીએ તેને પણ સન્માન આપવું જોઈએ, બીજાઓની ભિન્નતા–વિશેષતાઓનો નાશ ન કરતા તેમણે સ્વીકારવા જોઈએ, નાના–નાના સમૂહોની બોલીઓનાં પુસ્તકોનો પણ જુદી–જુદી ભાષામાં અનુવાદ કરવો જોઈએ, જો આપણે ભાષાને ટકાવી રાખવી હોય તો જે ભાષાની મૂળ લિપિ હોય તેને જ માનવું જોઈએ અને અનુસરવું જોઈએ, સૌંદર્યશાસ્ત્રનાં નિયમમાં બદલાવ લાવવો પડશે અને આ દરેક પ્રયાસ જો અનુસરવામાં આવે તો તેનો દ્વિમાર્ગી લાભ થશે તેમ વકતાશ્રી મુકેશભાઈ વસાવાએ જણાવ્યું હતું. છેલ્લે તેમણે જણાવ્યું કે ગુજરાત અને દેશની એકતા ટકાવી રાખવા માટે ભાષાઓને ટકાવી રાખવી જરૂરી છે. ત્યારબાદ તેમણે પોતાનું વકતવ્ય સમાપ્ત કરતા દરેક શ્રોતાગણનો આભાર વ્યકત કરી પોતાનું વક્તવ્ય સમાપ્ત કર્યું. ત્યારબાદ શ્રી યોગેશ એન. વાંસિયાએ મુખ્ય વકતા શ્રી મુકેશભાઈ વસાવાને તેમણે આપેલા વક્તવ્ય માટે આભાર વ્યકત કર્યો અને વિદ્યાર્થીઓને જણાવ્યું કે દરેકે નવી નવી ભાષાઓ આજુબાજુ પોતાના મિત્રો પાસેથી શીખતા રહેવું જોઈએ. રોજ પોતાના મિત્રો પાસેથી તેની ભાષાનાં પાંચ શબ્દો શીખવા જોઈએ તેવું વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમનાં અંતમાં અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપકશ્રી ડૉ. મનીષ આર. પટેલ દ્વારા ભાષા અને સ્થાનિક બોલી સંદર્ભે દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા છેલ્લા થોડા સમયથી ઘણા સંશોધન પ્રકલ્પો હાથ ધરવામાં આવ્યા હતા જેમાં સ્થાનિક ભાષા અને બોલીની સમજુતી ન હોવાના કારણે માહિતી એકત્રીકરણમાં કેટલી સમસ્યાઓ ઊભી થઈ અને જેમાં સ્થાનિક વિભાગના વિદ્યાર્થીઓ કે જેઓ સ્થાનિક ભાષા અને બોલીઓથી વાકેફ છે તેઓએ કઈ રીતે સંશોધન વિકલ્પમાં મદદરૂપ સાબિત થયા તેની વાત કરી માતૃભાષા અને સ્થાનિક બોલીના પોતાના આગવા મહત્ત્વને સમજાવી સમગ્ર કાર્યક્રમની આભારવિધિ કરી હતી. પ્રસ્તુત કાર્યક્રમમાં વિભાગના પ્રોફેસર શ્રી ડૉ. ગૌરાંગ રામી, ટીચિંગ આસિસ્ટન્ટ શ્રી રાકેશ મકવાણા, આહવા કોલેજના અધ્યાપકશ્રી ડૉ. સચિન મહેતા, ગ્રંથપાલ શ્રી પ્રજ્ઞાબેન તેમજ સેમેસ્ટર–૨ અને સેમેસ્ટર–૪ ના ૫૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## Department of Economics and Commerce

### यूरोपियन नवजागरण ओर पूंजीवाद का उदय व्याख्यान

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ અને કોમર્સ વિભાગના સંયુકત પ્રયાસો દ્વારા જ્ઞાનસત્ર અંતર્ગત વિવિધ વિષયો ઉપર વિશેષ વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમનું પ્રથમ વ્યાખ્યાન તા. ૨૪–૦૨–૨૦૨૨ અને ગુરૂવારના રોજ બપોરે ૨:૦૦ થી ૩:૦૦ દરમ્યાન ઓનલાઈન રાખવામાં આવ્યું હતું. જેનો વિષય "यूरोपियन नवजागरण ओर पूंजीवाद का उदय व्याख्यान" હતો. જેના મુખ્ય વકતાશ્રી ડૉ. વિક્રમસિંહ અમરાવત હતા. જે ગુજરાત વિદ્યાપીઠના ઈતિહાસ વિભાગના પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવી રહ્યા છે. સૌ પ્રથમ કાર્યક્રમની શરૂઆત ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા કરવામાં આવી તેમણે મુખ્ય વકતા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, ઈ.ચા. કુલપતિશ્રી ડૉ. જયદીપભાઈ ચૌધરી, અર્થશાસ્ત્ર વિભાગનાં વડાશ્રી ડૉ. એસ. શ્રીનીવાસા રાવ અને તમામ ઓનલાઈન જોડાયેલા પ્રાધ્યાપકમિત્રો અને વિદ્યાર્થી મિત્રોનું સ્વાગત કર્યુ અને અર્થશાસ્ત્ર અને કોમર્સ વિભાગ દ્વારા આવા વ્યાખ્યાનોનું આયોજન કરવાનાં સતત પ્રયાસ

કરવામાં આવશે અને કુલપતિ દ્વારા વિવિધ વિષયો અંગે વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવા બદલ જે પ્રોત્સાહન આપવામાં આવ્યું તે બદલ આભાર વ્યકત કર્યો. અને વિવિધ વિષયોનાં વ્યાખ્યાનોમાં વધુમાં વધુ શ્રોતાગણ જોડાય તેવી આશા વ્યકત કરી.ત્યારબાદ આ વ્યાખ્યાનના મુખ્ય વકતા શ્રી ડૉ. વિક્રમસિંહ અમરાવતનો સૌને પરિચય આપ્યો. ત્યારબાદ ડૉ. એસ.શ્રીનીવાસા રાવ દ્વારા જ્ઞાનસત્ર અંતર્ગત આયોજીત વિવિધ વ્યાખ્યાનોનાં હેતુઓ અને શૈક્ષણિક ક્ષેત્રે સાથે જોડાયેલા વિદ્યાર્થી અને અધ્યાપકોના બૌધ્ધિક વિકાસમાં તે મદદરૂપ બની રહેશે તેમ જણાવી મુખ્ય વકતાશ્રી અને ઓનલાઈન જોડાયેલા શ્રોતાઓનું સ્વાગત કર્યું. ત્યારબાદ મુખ્ય વકતાશ્રી ડૉ. વિક્રમસિંહ અમરાવત દ્વારા વ્યાખ્યાનની શરૂઆત કરવામાં આવી. સૌ પ્રથમ તેમણે આ વ્યાખ્યાનનાં આયોજન તથા પોતાને મુખ્ય વકતા તરીકે આમંત્રિત કરવા બદલ આભાર વ્યકત કર્યો. તેમણે આ વ્યાખ્યાનમાં યુરોપિયન નવજાગરણ અને પૂંજીવાદના વિકાસ અંગે વિસ્તૃત ચર્ચા કરી. યરોપિયન નવજાગરણની શરૂઆત કયા સમયગાળાથી થઈ અને મૂડીવાદ કયા સમયગાળાથી શરૂઆત થઈ તે અંગે ચર્ચા કરી. તેમણે આ વ્યાખ્યાનમાં ઘણા મુદ્દાઓનો સમાવેશ કરી જેમ કે શાસક વર્ગ, સામંત વર્ગ, ચર્ચ, વ્યાપારી વર્ગ, કારીગર વર્ગ આમ પાંચ વર્ગો વિષે વિસ્તૃત ચર્ચા કરી. તેમણે ખાસ કરીને મૂડીવાદના વિવિધ સ્વરૂપો જેમાં વ્યાપારીક મૂડીવાદ, નાણાંકીય મૂડીવાદ ઓદ્યૌગિક મૂડીવાદ અને તેના ઐતિહાસિક સમયગાળાની રજૂઆત કરી. તેમણે નવજાગરણ અને પૂંજીવાદની શરૂઆત કયાંથી થઈ હતી અને તેનું માળખું કેવું હતું તથા તેનો વિકાસ કેવી રીતે થયો વગેરે. મુદ્દા ઉપર ચર્ચા કરી. આમ વિસ્તૃત ચર્ચા બાદ પોતાનું વક્તવ્ય શ્રોતાઓનો આભાર વ્યકત કરી અને આયોજકોનો આભાર વ્યકત કરી સમાપ્ત કર્યું. ત્યારબાદ શ્રી એસ. શ્રીનીવાસા રાવએ મુખ્ય વકતાશ્રી ડૉ. વિક્રમસિંહ અમરાવતે જે પણ ચર્ચા કરી તે અંગે પોતાના વિચારો રજૂ કર્યા, અને વ્યાખ્યાન આપવા બદલ આભાર વ્યકત કર્યો. ત્યારબાદ ડૉ. યોગેશ એન. વાંસીયા અને મયુર દદ્રેશા દ્વારા મુખ્ય વકતાશ્રી, કુલપતિશ્રી અને દરેક શ્રોતાગણનો આભાર વ્યકત કરી વ્યાખ્યાન કાર્યક્રમની પુર્ણાહુતિ કરી. આ કાર્યક્રમમાં ૧૩૦ જેટલા શ્રોતાઓ ઓનલાઈન જોડાઈને વ્યાખ્યાનનો લાભ લીધો હતો.








**Department of Interior Design**

**AAA Peer Team**

Deptartment of Interior Design established in 2006, since it was established, every year students' work display has been done. This year also students work displayed at Department of Interior Design, Narmad Bhavan on 21st - 22nd February 2022. As AAA peer team also came for the inspection, the team also visited Display and motivated students, they also gave their valuable suggestions to students and the department.















## AAA Peer Team Visit

Veer Narmad South Gujarat University has invited AAA peer teams from 16th Feb to 18th Feb 2022. AAA peer team A has visited Dept. of Interior Design on 17th February 2022 as per scheduled. Department has Displayed work of students. Student work Art works, models, studio process along with prototypes and real scale models were appreciated by the team. The team has also interacted with students on their work and process. The team has also given their valuable suggestions to move ahead.




















VEER NARMAD BHAVAN
DEPARTMENT OF FINE ARTS
DEPARTMENT OF INTERIOR DESIGN

## કોલેજ ન્યૂઝ

### જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

#### સ્લમ વિસ્તારમાં સેવાકાર્ય



તા. ૯–૧૨–૨૦૨૨ થી તા. ૧૫–૦૨–૨૦૨૨ સુધી જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી એન.એસ.એસ. યુનિટ દ્વારા ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ છાપરાભાઠા તેમજ વરીયાવ સ્લમ વિસ્તારમાં ૭ દિવસ માટે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જેમાં નાગરીકોના વિવિધ પ્રશ્નોની સ્થિતિ જાણવામાં આવી હતી. સ્લમ વિસ્તારમાં બાળકોને શિક્ષા, શ્રમિક પરિવારનાં સભ્યોનું સ્વાસ્થ્ય, સરકારની વિવિધ યોજનાઓ, મેડીકલને લગતી સુવિધાઓથી તેમને વાકેફ કરી તેમના પ્રશ્નો જાણવામાં આવ્યા હતા. જેમાં કૉલેજના ૧૦ ટીમના ૧૦૦થી વધુ સ્વયંસેવકો અને સેવિકાઓ હાજર રહ્યા હતા. આ સર્વેનું સંપૂર્ણ આયોજન પ્રોગામ ઓફિસર પ્રો. બી.એન.પટેલ, પ્રો.બી.ડી.પટેલ તેમજ મુખ્ય સ્વયંસેવક સુરજ લુખી દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં લગભગ ૩૨૦૦ જેટલા ઘરનો સર્વે કરવામાં આવ્યો હતો.

#### 'હેલો જિંદગી' : પ્રવચન





જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી મુકામે તા. ૨૮–૨–૨૦૨૨ને સોમવારના રોજ 'હેલો જિંદગી' વિષય અંતર્ગત વિદ્યાર્થીઓ માટે ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ વિશેષ પ્રવચનનું આયોજન પદ્મભૂષણ, રાજપ્રીતબોધક, સરસ્વતીલબ્ધ પ્રસાદ પ.પૂ.જૈનાચાર્ય શ્રી વિજય રત્નસુંદર સૂરીશ્વરજી મહારાજ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું કે જીવનને યોગ્ય રીતે જીવવા માટે પાંચ સૂત્રો જરૂરી છે.

૧. સારા મિત્રો/વ્યક્તિની પસંદગી.
૨. સાચા માર્ગની પસંદગી.
૩. કાર્યોનો અગ્રતાક્રમ નક્કી કરવો.
૪. જીવનમાં ધ્યેય તથા નીતિ–નિયમો નક્કી કરવા.
૫. સલામતી અને નિયંત્રણ વચ્ચેનો ભેદ સમજવો.

ઉપરાંત જૈનાચાર્ય દ્વારા જણાવાયું હતું કે, નિરક્ષર સાક્ષર બને એ જરૂરી છે પણ સાક્ષર સંસ્કારી બને એ આવશ્યક છે. ત્યારબાદ અલગ અલગ દ્દષ્ટાંતો દ્વારા વિદ્યાર્થીઓને જણાવ્યું કે, માતા–પિતાની આબરૂ લજવાય એવું કોઈ પણ કાર્ય કરવું નહિ અને ભૂતકાળમાં થઇ ગયું હોય તો માતા–પિતાને જાણ કરવી.

વધુમાં એમણે જણાવ્યું કે, ૨ + ૨ = ૩ એ જીવનનું ગણિત છે જયારે ૨ + ૨ = ૩ અને ૫ ન કરવા એ જીવનનાં સંસ્કાર છે.

અમરોલી કોલેજ દ્વારા સર્ટીફિકેટ કોર્ષ ઈન મોરલ એજ્યુકેશનનો શુભારંભ થયો જેનો મુખ્ય ઉદેશ્ય વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે નૈતિક મૂલ્યો શીખવાડી સંસ્કારી અને જવાબદાર નાગરીક બનાવવાનો છે. જેથી વિદ્યાર્થી ફક્ત એક સામાન્ય વિદ્યાર્થી બની ન રહેતા નૈતિકતા, સંસ્કાર, જવાબદારી, રાષ્ટ્રપ્રેમ અને પારિવારિક મૂલ્યો કેળવી એક શ્રેષ્ઠ આનંદિત જીવન જીવી શકે. અહી ઉલ્લેખનીય છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ આ સર્ટીફિકેટ કોર્ષને યુનિવર્સિટીનાં વિવિધ સત્તામંડળ દ્વારા માન્યતા આપવામાં આવી છે. કોઈ પણ વિદ્યાર્થી આ સર્ટીફિકેટ કોર્ષમાં નોંધણી કરાવી શકશે. આ પાવન પ્રસંગે સમાજના અગ્રણીઓ, જૈન શ્રાવક–શ્રાવિકાઓ અને ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## પીએચ.ડી.



જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં વિઝિટીંગ લેકચરર તરીકે ફરજ બજાવતાં એકાઉન્ટન્સી વિષયના પ્રા. પ્રીતિ સુરેશભાઈ શાહે રજૂ કરેલ મહાશોધ નિબંધ "A Study On Working Capital Management of Selected Cement Companies in India" ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી તેમને કોમર્સ/એકાઉન્ટન્સીનાં વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે તેમનો મહાશોધ નિબંધ જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં એકાઉન્ટન્સી વિભાગનાં અસોસીએટ પ્રોફેસર ડૉ. બલવંત એન. ઢીમ્મરનાં માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. આ બદલ કોલેજનાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. રાજેશ ડી. રાણા, જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર તથા સ્ટાફ સભ્યોએ હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

## શ્રી ભારતીમૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રિ એન્ડ ફિઝીયોથેરાપી, સુરત.

## પીએચ.ડી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન "શ્રી ભારતી મૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રિ એન્ડ ફિઝીયોથેરાપી"ના પ્રોફેસર ડૉ. અંકિત વાર્ષ્ણેય લેઝીક સર્જરી ઉપર રસપ્રદ સંશોધન કર્યું છે.

યુનિવર્સિટી મેડિસિન ફેકલ્ટીના અગ્રણીશ્રી તથા સિન્ડિકેટ સભ્ય અને શ્રી ભારતી મૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રિ એન્ડ ફિઝીયોથેરાપીના પ્રિન્સિપાલ ડૉ. મહેન્દ્ર સિંહ ચૌહાણના માર્ગદર્શન હેઠળ કેશવી આંખની હોસ્પિટલમાં તેમણે આ સંશોધન પૂર્ણ કરેલ છે. જેમાં યુવાન વયે નજીવી રકમે લોકો ચશ્માંનાં નંબરમાંથી મુકિત પામી શકે છે. સંશોધનકાર ડૉ. અંકિત વાર્ષ્ણેય કહ્યું હતું કે, તેમણે ૨૦૦ આંખ ઉપર લેડીઝ સર્જરીનું નિરીક્ષણ હાથ ધર્યું હતું. આ નિરીક્ષણ દ્વારા કિલનિકલ એનાલિસિસ પછી કેટલાક તારણો સામે આવ્યા હતાં.

આ તારણો અંગે વાતચીત કરતાં તેમણે કહ્યું હતું કે, ચશ્મા હંમેશા માટે નીકળી જાય એવી પદ્ધતિ માર્કેટમાં ૨૦ વર્ષથી છે. લેઝીક સર્જરી એક પ્રકારની આંખની કોસ્મેટિક સર્જરી હોય છે જેમાં ૧૦૦ ટકા દર્દીઓને "નંબર ઉતારવાની લેડીઝ સર્જરી પછી ચશ્મા કે કોન્ટેક લેન્સ પહેરવાની જરૂરિયાત રહેતી નથી."

સંશોધન કરતા ખ્યાલ આવ્યો કે, આજની અત્યાધુનિક સર્જરી પછી નંબર પાછા આવતા નથી તેમજ તેની કોઈ આડઅસર પણ વર્તાતી નથી. કસ્ટમાઈઝ લેઝીક સર્જરી પછી આંખના નંબર તો ઉતરી જાય છે જોડે જોડે નાનામાં નાની આંખની ખામીઓ પણ જતી રહે છે.

એમાં પણ બ્લેડ લેસ (ફેમટો સેકન્ડ લેઝર) કસ્ટમાઈઝ લેસિક સર્જરી સૌથી સેફ માનવામાં આવે છે. આ સર્જરી દસ ગણું સેફ માનવામાં આવે છે, જેનો લાભ સ્પોર્ટ્સ પર્સનને ઘણો મળે છે. આ પદ્ધતિ સરળ અને ઝડપી છે. આનો ચોક્કસ લાભ ઘણી બધી સ્પોર્ટ્સ એક્ટિવિટીમાં લોકોને મળે છે જેમાં ચશ્મા તૂટવાની બીકે લોકો ભાગ નથી લઈ શકતા. કવોલિટી ઓફ લાઈફ એન્ડ વિઝનનાં ૨૦ જુદા જૂદા પ્રશ્નો પૂછવામાં આવ્યાં હતાં, જેમાં ૧૦૦ ટકા દર્દીઓ તેમની જોવાની દ્રષ્ટિથી સંતોષ હતા, જેથી આ દર્દીઓને પણ લેઝીક સર્જરી માટે ભલામણ કરે છે.

ચોકસાઈપૂર્વક દર્દીઓનું સિલેકશન અને ઓપરેશન પહેલા યોગ્ય પરામર્શ તેમજ સર્જનની સ્કીલ આ ઓપરેશનની સફળતા માટે જવાબદાર છે. આ સંશોધન પરથી કહી શકાય કે, લેઝર સર્જરી આંખનાં નંબર ઉતારવા માટે સૌથી સફળ પદ્ધતિ છે. આ સંશોધન ઉપર ડૉ. અંકિત વાર્ષ્ણેય મહાશોધ નિબંધ લખી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં રજુ કર્યું હતું, યુનિવર્સિટીની રેફરી પેનલે આ સંશોધનને માન્યતા આપી ડૉ. અંકિત વાર્ષ્ણેયને પી.એચડી.ની પદવી એનાયત કરી છે.


## Idea & Innovation Cell

શ્રી અંબિકાનિકેતન ટ્રસ્ટ સંચાલિત શ્રી ભારતીમૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રિ એન્ડ ફિઝીયોથેરાપી, સુરતમાં ઓપ્ટોમેટ્રિ તેમજ ફિઝીયોથેરાપીના વિદ્યાર્થીઓ પાસેથી R & D Cell દ્વારા Idea & Innovation Competition રાખવામાં આવેલ હતી.






## Seminar



શ્રી અંબિકાનિકેતન ટ્રસ્ટ સંચાલિત શ્રી ભારતીમૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રિ એન્ડ ફિઝીયોથેરાપી દ્વારા 'Approach to Clinical Use of Orthosis & Prosthesis' એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા BPT તેમજ MPT ના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ, અધ્યાપકો, અને કિલનિકલ થેરાપીસ્ટે ભાગ લીધો હતો. Dr. Shipra Lenka (Clinical Orthotics & Prosthetics) દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## 75 Suryanamaskar



શ્રી અંબિકાનિકેતન ટ્રસ્ટ સંચાલિત શ્રી ભારતીમૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રિ એન્ડ ફિઝીયોથેરાપી, સુરતમાં તા. ૦૨–૦૨–૨૦૨૨ના રોજ ઓપ્ટોમેટ્રિ તેમજ ફિઝીયોથેરાપીના વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકોએ Government Initiative for Suryanamaskar for World Record માં ભાગ લીધો હતો.

## World Cancer Day

શ્રી અંબિકાનિકેતન ટ્રસ્ટ સંચાલિત શ્રી ભારતીમૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રિ એન્ડ ફિઝીયોથેરાપી, સુરતમાં તા. ૪–૨–૨૦૨૨ અને ૫–૨–૨૦૨૨ના રોજ ઓપ્ટોમેટ્રિ તેમજ ફિઝીયોથેરાપીના વિદ્યાર્થીઓ માટે World Cancer Day Programનું આયોજન કરવામાં આવ્યું હતું. R. K. University દ્વારા Online Panel Discussion રાખવામાં આવ્યું હતું. જેમાં Dr. Parul Rakholiya (Assistant Professor, Shree Bharatimaiya College of Optometry & Physiotherapy)એ પેનલ મેમ્બર તરીકે ભાગ લીધેલ હતો, તેમજ "Onco Rehabilitation: An Oncologist’s Perspective" Online Webinar નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં Dr. Mishal Shah (MBBS, M.S., DNB Oncosurgen) દ્વારા વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી.









**Field Visit**





શ્રી અંબિકાનિકેતન ટ્રસ્ટ સંચાલિત શ્રી ભારતીમૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રિ એન્ડ ફિઝીયોથેરાપી, સુરત દ્વારા તા. ૮–૨–૨૦૨૨ના રોજ ફિઝીયોથેરાપીના વિદ્યાર્થીઓએ Orthosis & Prosthesis ના Field Visit માટે Dhruvisha Prosthetics & Orthotics Rehab Center ની મુલાકાત લીધી હતી.

**ફિઝીયોથેરાપી સેમીનાર**



શ્રી અંબિકાનિકેતન ટ્રસ્ટ સંચાલીત શ્રી ભારતીમૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રિ એન્ડ ફિઝીયોથેરાપી, સુરત ખાતે તા. ૧૦–૨–૨૦૨૨ના રોજ "Awarenss Program on Parkinson's Disease and Recent Advances for Physiotherapy Management in Parkinson's Disease" એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં BPT તેમજ MPT ના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ, અધ્યાપકો, અને કલીનીકલ થેરાપીસ્ટે ભાગ લીધો હતો. Dr. Pooja Bansal (Co-ordinator of B. K. Parekh Parkinson Society & Movement Disorder) દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

**સ્પોર્ટ્સ ડે : ઉજવણી**

ગુજરાત સરકારના "આઝાદીકા અમૃત મહોત્સવ" તથા ગુજરાત સરકારની "ખેલકૂદ યોગધારા" અને "પંચ પ્રકલ્પ" હેઠળ એ.વી પટેલ કોમર્સ કોલેજમાં પરંપરાગત દેશી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં જે વિદ્યાર્થીઓએ COVID-19 નાં બે ડોઝ લીધા હતાં, અને શારીરિક રીતે તંદુરસ્ત હતા એવા વિદ્યાર્થીઓને સ્પર્ધામાં એન્ટ્રી આપવામાં આવી હતી તથા સરકારશ્રીનાં COVID-19 ગાઈડલાઈનનાં કાયદાનું પાલન કરવામાં આવ્યું હતું. ફુલ ગુલાબી ઠંડીમાં વિદ્યાર્થીઓએ અને અધ્યાપકોએ રમતની મજા માણી હતી.આ સ્પર્ધામાં લીંબુ ચમચી, બટાકા દોડ, કોથળા કુદ,ઊંધી ઝડપી દોડ, ફુગ્ગા દોડ,રીલે દોડ, વિક્રમ વેતાલ, સંગીત ખુરશી, રસ્સાખેંચ જેવી સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો આ તમામ સ્પર્ધાના વિજેતા ખેલાડીઓને ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણાએ અભિનંદન પાઠવ્યા હતાં અને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. વિજેતાઓને આચાર્યશ્રી તથા અધ્યાપકોના હસ્તે મેડલ પહેરાવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કોલેજના તમામ અધ્યાપકોએ

ભૂમિકા ભજવી હતી આ સ્પર્ધાનું આયોજન કોલેજનાં આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ અને શારીરિક શિક્ષણનાં વ્યાખ્યાતા પ્રા. ડૉ. સોનલબેન વસાવાએ કર્યું હતું.







## મને ગમતું પુસ્તક : વાર્તાલાપ

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાનાં ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે "મને ગમતું પુસ્તક વાર્તાલાપ" યોજવામાં આવ્યો હતો, સારા પુસ્તકોનું વાંચન માનવીને સદ્કર્મ, સદ્ભાવના અને સદ્વિચારથી સમૃધ્ધ બનાવે છે. રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેની જવાબદારી અંગે વિદ્યાર્થીઓ વધુ સભાન બને તેવા આશયથી મને ગમતું પુસ્તક વાર્તાલાપ નિયમિત રીતે યોજવામાં આવે છે, ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ૬ વિદ્યાર્થીઓ અને એક અધ્યાપિકાએ ગુજરાતી સાહિત્યના જુદા જુદા પુસ્તકો પર વિચારો રજૂ કર્યા હતા, ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન બી. રાણાનાં માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, કોલેજના અધ્યાપકોએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ.પટેલે કરી હતી.





## કમ–ફન–ફેરનું આયોજન

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કોલેજમાં કોમર્સ કમ ફન ફેરનું આયોજન થયું હતું, જેમાં વિદ્યાર્થીઓએ પોતે ઘરેથી વિવિધ પ્રકારના વ્યંજનો બનાવીને લાવ્યા હતા તથા તેનું વેચાણ કરીને વેપારનો પ્રેકિટકલ અનુભવ મેળવ્યો હતો. બીલીમોરા વિભાગ કેળવણી મંડળના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ભરતભાઈ અમીન તથા મંત્રીશ્રી જસ્મીનભાઈ દેસાઈ અને કોલેજનાં ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન રાણા દ્વારા ઔપચારિક વિધિ પૂર્ણ થયા બાદ ફેરને વિદ્યાર્થીઓ તથા મુલાકાતીઓ માટે ખુલ્લો કરવામાં આવ્યો હતો. શ્રી ભરતભાઈ અમીન તથા શ્રી જસ્મીનભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું તથા તેમની મહેનતને બિરદાવી હતી. મંડળની વિવિધ સંસ્થાના આચાર્યો તથા સ્ટાફ મિત્રો વિદ્યાર્થીઓ સાથે આ ફેરની મુલાકાત માટે આવ્યા હતા. વિવિધ શાળા તથા કોલેજના આચાર્યોએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. ફેરમાં વિવિધ વાનગીઓ સાથે કોલેજની વિદ્યાર્થીની દ્વારા બનાવેલ પેઈન્ટિંગ પણ વેચાણ માટે રાખવામાં આવ્યાં હતાં. મુલાકાતીઓ તથા વિદ્યાર્થીઓને કોમર્સ વિશેની માહિતી મળે તે હેતુસર કોલેજનાં ઈંગ્લિશ મીડીયમ ડિવિઝનના વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના પ્રોજેકટ તથા મોડેલ રજૂ

કર્યા હતાં. મુલાકાતીઓનાં મનોરંજન માટે વિદ્યાર્થીઓ દ્વારા ગેમ સ્ટોલ પણ રાખવામાં આવ્યા હતા. આ ફેરનાં આયોજનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને પોતાનો બિઝનેસ શરૂ કરવા માટે માર્ગદર્શન પૂરું પાડવાનો અને તેઓ ભવિષ્યમાં સફળ ઉદ્યોગ સાહસિક બની રહે તે હતો. મુલાકાતીઓએ આનંદપૂર્વક વ્યંજનોની લહેજત માણી હતી તથા વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. ઈ. ચા. આચાર્યાશ્રી વર્ષાબેન રાણા તથા ઈંગ્લિશ મીડીયમના કો–ઓર્ડિનેટરશ્રી પ્રા. પાર્થ ઠક્કરના માર્ગદર્શન થકી પ્રા. યોગીની બેન પ્રજાપતિ તથા પ્રા. પ્રિયાબેન ટંડેલે કાર્યક્રમનું સંચાલન અને આયોજન સફળતાપૂર્વક કરી શકયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના ટીચિંગ તથા નોન–ટીચિંગ સભ્યોએ વિદ્યાર્થીઓ સાથે ભારે જહેમત ઊઠાવી હતી.






## કારકિર્દી માર્ગદર્શન સેમિનાર અને વિશ્વ મહિલા દિવસની ઉજવણી

એ.વી.પટેલ કોમર્સ કોલેજમાં ઉડિસા કલબ હેઠળ અને વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ભાગ રૂપે કેરિયર ગાઈડન્સ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય વકતા શ્રી ગોપાલ શરણ (આસિસ્ટન્ટ એમ્પ્લોયમેન્ટ ઓફિસર) નેશનલ કેરિયર સર્વિસ સેન્ટર ફોર SC, ST, સુરત એમણે એમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી દરમ્યાન કઈ કઈ બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ એના પર ભાર મૂકયો હતો. એમણે જણાવ્યું હતું કે, ટાઈમ મેનેજમેન્ટ જીવનમાં ખૂબ અગત્યનું છે. Topic પ્રાથમિકતાને સમજવું અને તેનું વર્ગીકરણ કરવું, આપણા જીવનમાં ટેકનોલોજીનું મહત્ત્વ ખૂબ જ છે. પણ આપણા જીવનમાં ટેકનોલોજીનો કેવી રીતે ઉપયોગ કરીએ છીએ તેના ઉપર આધાર રહેલો છે. કેરિયરમાં ભૂલ નાની હોય છે. પણ માનસિક રૂપથી મજબૂત હોવું જરૂરી છે. કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધવા માટે પ્રેકિટસ જરૂરી છે. પ્રેકિટસની સાથે સાથે એકાગ્રતા, નિર્ણય , અનુશાસન અને સંકલ્પ આ દરેક બાબતો પોતાના કેરિયરને આગળ લઈ જવા માટે ખૂબ જ જરૂરી છે. આ મહત્વના મુદ્દાઓ પર પોતાનું વક્તવ્ય આપ્યું હતું. આ ઉપરાંત તેમણે પોતાના અનુભવ પણ વિદ્યાર્થીઓ વચ્ચે પહોંચાડયા હતાં અને મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ છે. અને કેવી રીતે પોતાનું કેરિયર અને પરિવારને ખૂબ સારી રીતે સંભાળીને આગળ વધી રહી છે તેના વિશે ખૂબ સરસ માહિતી આપી હતી.

કાર્યક્રમના બીજા વકતા શ્રી ડૉ. અમનદીપ સીગ કે જેઓ નેશનલ કેરિયર સર્વિસ સેન્ટર ફોર SC, ST માં સબ–રીજીઓનલ એમ્પ્લોયમેન્ટ ઓફિસર તરીકે સેવા બજાવે છે. તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, NCC, NSS શું છે? એના વિશે માહિતી આપી હતી, આ બધા એકબીજાની સાથે જોડાયેલા છે અને નેશનલ કેરિયર સર્વિસ વિશે માહિતી આપી હતી, અને આ પોર્ટલ કેવી રીતે કામ કરે છે તેના વિશે માહિતી આપી હતી. માઈક્રોસોફ્ટ તથા ટેલિ જેવા સોફ્ટવેર વિશે ઓનલાઈન ટ્રેનિંગની માહિતી આપી હતી.

ઇ.ચા. આચાર્યશ્રી વર્ષાબેન રાણાએ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પ વડે શાબ્દિક સ્વાગત કરી આવકાર્યા હતા, સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉદીશા કમિટીના કન્વીનરશ્રી પ્રા. ડૉ. સોનલબેન વસાવાએ કર્યું હતું, આભારવિધિ પ્રા. દિપીકાબેન લાડે કરી હતી, આ સેમિનાર ખૂબ સારી રીતે સંપન્ન થયો હતો.





## એસ.બી.ગાર્ડા આર્ટ્સ એન્ડ પી.કે.પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

### વકતૃત્વ સ્પર્ધા



Women Cellની અધ્યક્ષતામાં એસ.બી.ગાર્ડા આર્ટ્સ એન્ડ પી.કે.પટેલ કોલેજ ઓફ કોમર્સ, કોલેજમાં ટી.વાય.બી.કોમ. સેમેસ્ટર–૬ની વિદ્યાર્થિની ચૌહાણ વિશાખા અતુલભાઈએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા. ૨૯–૧૨–૨૦૨૧ના રોજ "આઝાદી કે અમૃત મહોત્સવ" અંતર્ગત યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં "સ્ત્રી સશકિતકરણ અને કાયદો" વિષય પર મૌલિક વક્તવ્ય રજૂ કરીને ગાર્ડા કોલેજનું પ્રતિનિધિત્ત્વ કરેલ છે. જે બદલ ઈન્ચાર્જ આચાર્યશ્રીએ અભિનંદન પાઠવ્યા હતાં. Women Cell ના અધ્યક્ષ પ્રા. રેખાબેન પટેલ અને સહ અધ્યક્ષ ડૉ. પુનિતાબેન પટેલે વિદ્યાર્થિનીને માર્ગદર્શન આપ્યું હતું.

### વર્કશોપ

એસ.બી.ગાર્ડા આર્ટ્સ એન્ડ પી.કે.પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે આર્થિક રીતે પગભર બને અને 'Earn While Learn' ના ખ્યાલ સાથે આત્મનિર્ભર બની શકે એ ઉમદા હેતુથી કોલેજના Women Cell & IQAC અંતર્ગત 'ચોકલેટ મેકિંગ અને બ્યુટીપાર્લર'ની તાલીમ આપવા માટે તા. ૬–૧–૨૦૨૨ થી ૧૨–૧–૨૦૨૨ દરમ્યાન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપનો પ્રારંભ ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જરના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યો હતો તથા Women Cell નાં અધ્યક્ષ પ્રો. રેખાબેન પટેલ, સભ્ય ડૉ. પુનિતાબેન પટેલ તેમજ અન્ય સ્ટાફ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં સમગ્ર તાલીમ All Gujarat Women's Organization 'Shaktimanch', Ahmedabad ના સંચાલકશ્રી કૌશિકભાઈ ત્રિવેદી તથા શ્રીમતી સુષ્માબેન પાટીલ દ્વારા આપવામાં આવી હતી. આ વર્કશોપમાં કુલ ૧૬૦ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.









### વ્યાખ્યાન



નવસારીની એસ.બી.ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીમાં રાષ્ટ્રીય સંતશ્રી વિજયરત્ન સુંદર સૂરિશ્વરજી મહારાજના પટ્ટશિષ્ય એવા સંતશ્રી શ્રી ભાગ્ય સુંદર સાગર સૂરિ મહારાજનું વ્યાખ્યાન તા. ૩૦–૧૨–૨૦૨૧ના દિને "માનવ ! તું મહાન છે" ! વિષય પર ગાર્ડા કોલેજના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો સમક્ષ યોજાયું હતું.

સંતશ્રીનું શબ્દો અને ભેટથી સ્વાગત કરતા ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જરે જણાવ્યું હતું કે, ગાર્ડી કોલેજમાં કોઈપણ પ્રકારની બાંધછોડ કરવામાં આવતી નથી. 'શિક્ષણ કદાચ ઓછું હશે તો ચાલશે, પણ સંસ્કારો ઓછા ચાલશે નહીં'.

વિશાળ વિદ્યાર્થીવૃંદ સમક્ષ મહારાજશ્રીએ 'નમો હરિ અંતાણામ'ના શ્લોકથી વ્યાખ્યાનની શરૂઆત કરી હતી. પોતાની સરળ, હૃદયસ્પર્શી વાણી દ્વારા તેમણે જણાવ્યું હતું કે, તમો પ્રલોભનની લપસણી ભૂમિ પર ઊભા છો, તેનાથી બચો, સાચી હેપીનેસ (સુખ) પ્રાપ્ત કરવા સંયમિત જીવન જીવો, માતા–પિતા–ગુરૂની આજ્ઞાનું પાલન કરો. મેચ્યોરિટિ પહેલા મળતાં તમામ દુન્યવી સુખો યુવાનોનો વિનાશ નોતરે છે, યુવાનોમાં વધતું આપઘાતનું પ્રમાણ, ડિપ્રેશન, હતાશા, નિરાશા, એકલતાને દૂર કરી મોબાઈલનો ખપ પૂરતો ઉપયોગ કરવો, ન જોવા જેવું કદી પણ ન જોવું ભૌતિકતાનો વધુ પડતો વપરાશ વર્તમાન સમયમાં વિનાશ નોતરી રહ્યો છે અને સમાજમાં હેપ્પીનેશ ઘટી રહી છે, રાષ્ટ્રપ્રેમ પણ ઘટી રહ્યો છે, સંયમ અને શિસ્તના માર્ગે ચાલીને જ યુવાનો ઉન્નત રાષ્ટ્રનું નિર્માણ કરી શકશે તેવું તેમણે ભારપૂર્વક જણાવી, સર્વનું કલ્યાણ હું સાધુ તરીકે ઇચ્છું છું એવી ભાવવારી શૈલીમાં હળવી રમૂજ અને દ્રષ્ટાંતો દ્વારા હૃદય સોંસરવી ઉતરી જાય તેવી વાણીમાં તેઓશ્રીએ તેમનું પ્રવચન રજુ કર્યું હતું.

## શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજ, સુરત.

### મહિલા સ્વરક્ષણ અવરનેશ : સેમિનાર

શ્રી જે.બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ અને કોમર્સ કોલેજ, સુરત ખાતે તા. ૧૯–૦૨–૨૦૨૨ ના રોજ સુરત શહેર પોલીસ અને કોલેજના સંયુકત ઉપક્રમે મહિલા સ્વરક્ષણ માટેની અવરનેશનો સેમિનાર (કાર્યક્રમ) યોજવામાં આવ્યો હતો. જેમાં સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રી અજયકુમાર તોમર, સુરત શહેર A ઝોન DCP, ACP અને પોલીસ સ્ટાફ તથા સ્વામી આત્માનંદ સરસ્વતી વિદ્યાસંકુલના ખજાનચીશ્રી, ડૉ. કે. ડી. વાઘાણી અને આચાર્યશ્રી પ્રિ. ડૉ. દિલીપ વરસાણી ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ વિદ્યાર્થીનીઓને મહિલા સ્વરક્ષણ માટે સામાજીક, સાયકોલોજીકલ અને શારીરિક રીતે પોતાના સ્વબચાવ કઈ રીતે કરવો તેનાં વિશે વાત કરી હતી. આ કાર્યક્રમ બાદ તા. ૨૧–૦૨–૨૦૨૨ થી ૨૫–૨– ૨૦૨૨ દરમ્યાન સ્વરક્ષણ માટેનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કોલેજની ૨૦૦ થી વધારે બહેનો જોડાઈ હતી અને તેને ટ્રેનર દ્વારા ૫ દિવસ તાલીમ આપવામાં આવી હતી. પાંચ દિવસનાં અંતે પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં વાલીઓને પણ હાજર રાખવામાં આવ્યા હતા. સુરત શહેર પોલીસનાં એ ઝોનના DCP, ACP તેમજ સદર કોલેજના આચાર્યશ્રી પ્રિ. ડૉ. દિલીપ વરસાણી ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ આ સમય વિદ્યાર્થીનીઓને કારકિર્દી બનાવવાનો સમય છે. તેમાં તેને ધ્યાન આપવું જોઈએ. તેમજ વાલી સાથે પોતે દરરોજની વાતો શેર કરવી જોઈએ. આમ છતાં જે કોઈ તકલીફ હોય તો સુરત શહેર પોલીસ તેની સાથે છે. તમે ગમે ત્યારે પોલીસનો સંપર્ક કરી શકો છો. તેમજ આ તાલીમથી તમારી શારીરિક અને માનસિક ક્ષમતાનો જે વિકાસ થયો છે તે સતત જાળવી રાખવા માટે પ્રોત્સાહન આપ્યું હતું તેમજ સોશ્યિલ મીડિયાથી જેટલું બને તેટલું દૂર રહેવાની માહિતી આપવામાં આવી હતી.







## સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ.

### "વસંતપંચમી" : ઉજવણી

તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન મહિલા બી.એડ. કોલેજમાં તા. ૫/૨/૨૦૨૨ને શનિવારે સવારે ૧૧:૩૦ કલાકે "વસંતપંચમી" ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની શરૂઆત બી.એડ.નાં તાલીમાર્થી બહેનો દ્વારા સમૂહમાં પ્રાર્થના ગાઇ કરવામાં આવી હતી. ત્યારબાદ વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી જેમાં ગાંધી નિશિબેને વસંતપંચમી વિશે વક્તવ્ય આપ્યું. બારૈયા પ્રિતિબેન "ઋતુ આએ, ઋતુ જાએ..." પર સુંદર કાવ્યપઠન કર્યું. ગોહિલ કુંજલ બેન દ્વારા વસંતપંચમી વિશે કેટલીક કાવ્યપંકિતઓ રજૂ કરાઈ હતી. ત્યારબાદ વસંતપંચમી દિન વિશે પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. બી.એડ. વિભાગના પ્રો. દિવ્યા રાણાએ 'વન્દે દેવી શારદા..' નું કાવ્યગાન કર્યું. ત્યારબાદ બી.એડ. વિભાગના

ડૉ. આશ્કા શુકલ દ્વારા વસંતપંચમીના દિને સર્વેને શુભેચ્છાઓ પાઠવી હતી.

સમગ્ર કાર્યક્રમનું એંકરીગ બી.એડ.ની તાલીમાર્થી બહેનો પઠાણ સુમૈયા અને પટેલ ફઝિલાબાનુ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં અંતે પ્રો. ડૉ. અમિતા યાદવ દ્વારા આભારદર્શન કરી સૌએ સમૂહમાં રાષ્ટ્રગાન કર્યું હતું.

## દીપજ્યોતિ કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ.

### અહેવાલ












તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત દીપજ્યોતિ કોલેજ ઓફ કોમર્સ દ્વારા તપોવન સંકુલમાં તા. ૨૩–૦૨–૨૦૨૨ અને તા. ૨૪–૦૨–૨૦૨૨ બે દિવસ "Symposium on Budget Analysis 2022-23" નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસે રિસોર્સ પર્સન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ત્રાલસાવાલા એસોસિએટ્સના શ્રી તરૂણભાઈ ત્રાલસાવાલા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ગત વર્ષની બી.કોમ.ની વિદ્યાર્થિનીઓ દ્વારા શ્લોકગાન અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી. મહેમાનોનું શાબ્દિક સ્વાગત ડૉ. ખુશાલી જોષીએ કર્યું હતું. વક્તાનો પરિચય અને Symposium Budget 2022-23ની માહિતી અર્થશાસ્ત્રના પ્રો. અનિલ જોષીએ આપી હતી. વક્તાશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત બી.કોમ.ની તૃતીય વર્ષનો વિદ્યાર્થી માનવ પરાશર દ્વારા તથા શાલ અને મોમેન્ટો બી.કોમ. વિભાગના પ્રા. માર્ગી જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

CA શ્રી તરુણભાઈ ત્રાલસાવાલાએ પોતાના વક્તવ્યમાં હાલમાં રજૂ થયેલ બજેટ–૨૦૨૨ની માહિતી પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશનથી વિદ્યાર્થીઓને પૂરી પાડી હતી. તેમણે Direct Tax Proposal, Income from other Source, GST Proposal, Business Income & Capital Gains, TDS, Filling of Returns, Charitable Trust, Imposed Tax Rates વગેરેની પ્રક્રિયા અંગે સચોટ સમજ આપી હતી. તેમણે પોતાના પ્રેઝન્ટેશન દ્વારા હાલમાં ટેકસની વ્યવસ્થા, બજેટમાં ટેકસમાં થયેલ સુધારા, PM ગતિશકિત નેશનલ માસ્ટર પ્લાન, ક્રિપ્ટો, બીટકોઈન કરન્સી વગેરે વિશે માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓના પ્રશ્નોના ઉત્તર પણ સચોટ રીતે આપ્યા હતા.

તા. ૨૪–૦૨–૨૦૨૨ Symposiumના બીજા દિવસે રિસોર્સ પર્સન તરીકે સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ગાંધીનગરના એસોસિએટ પ્રોફેસર અને અર્થશાસ્ત્ર વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ડૉ. નીતેન્દ્રકુમાર પટેલ તેમજ ગુજરાતના જાણીતા અર્થશાસ્ત્રી અને એચ.કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદના પૂર્વ આચાર્યશ્રી પ્રો. હેમંતકુમાર શાહે બજેટ ૨૦૨૨ પર વિસ્તૃત સમજ આપી હતી.

ડૉ. નીતેન્દ્રકુમાર પટેલે જણાવ્યું કે, કુલ ખર્ચાઓનું બજેટ ૨૦૨૨–૨૩માં Revenue Receipt, Revenue Deficit, Fiscal Deficit, Growth Rate, Various Macro Economics Indicator અને ૨૦૨૨–૨૩ અને ૨૦૨૧–૨૨ નાં બજેટની સરખામણી વગેરે વિશે સચોટ સમજુતી આપી હતી. પબ્લિક ફાયનાન્સ, જી.ડી.પી.રેટ, હાલમાં જોવા મળતા ઈન્કમ ટેક્ષ રેટ્સ, સ્ટાર્ટ અપ પોલિસી, ગ્રીન એકાઉન્ટ સીસ્ટમ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. વકતાશ્રીએ પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન તેમજ દષ્ટાંત દ્વારા વિદ્યાર્થીઓને માહિતી પૂરી પાડી હતી.

જાણીતા અર્થશાસ્ત્રી પ્રો. હેમંતકુમાર શાહે વક્તવ્યમાં જણાવ્યું કે, તેમણે ભારતીય કર માળખા, કર માળખાની મર્યાદા અને વિવિધ મેક્રો આર્થિક સૂચકાંકો,

બેલેન્સ ઓફ પેમેન્ટ, Deficit and Surplus Budget, વિવિધ સ્તરનાં બજેટ તેમજ આત્મનિર્ભર ભારત અંગે વિસ્તૃત જાણકારી પૂરી પાડી હતી. સામાન્ય રીતે બજેટ જયારે જાહેર થાય છે ત્યારે સરકાર કયાંથી આવક આવે તેની ચર્ચા વધારે કરે છે. બજેટ એટલે કે, સરકારનું ખર્ચ એ કરવેરો વસૂલવાની યોજના અને અન્ય વ્યવહારોની બ્લૂપ્રિન્ટ છે, જે અર્થતંત્ર અને નાગરિકોના જીવનને અસર કરે છે.

પ્રો. અનિલ જોષીએ જણાવ્યું કે, આ Symposium નો હેતુ એ છે કે વિદ્યાર્થીઓને બજેટ વિશે માહિતગાર કરાવવા અને બજેટ સમગ્રલક્ષી અર્થતંત્રથી અને વ્યવસ્થિલક્ષી અર્થતંત્રના મોડેલમાં કઈ રીતે વૃધિ અને વિકાસનો સમાવેશ થાય છે અને જાહેર નાણાંમાં આ બધી બાબતોનો સમાવેશ થાય છે.

કાર્યક્રમના અંતમાં આભારવિધિ તૃતીય વર્ષ બી.કોમ.ની વિદ્યાર્થીની રીયા સકસેનાએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રો. ખુશાલી જોષી તથા તૃતિય વર્ષની વિદ્યાર્થીની રીયા સકસેનાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ અંગે પ્રેરણા અને માર્ગદર્શન નિયામકશ્રી જાગૃતિબેન પંડયાએ પૂરા પાડયાં હતાં. અંતે સૌએ સમુહમાં રાષ્ટ્રગાન કર્યું હતું.

## શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી. એડ. કોલેજ, સુરત.

### વિજ્ઞાન દિવસની ઉજવણી







તા. ૨૮–૨–૨૦૨૨ના રોજ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરા ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે વિજ્ઞાન પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય વિજ્ઞાન દિન નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વી.ટી.પોદ્દાર બી.સી.એ. કોલેજના પ્રાધ્યાપિકાશ્રી ડૉ. કવિતાબેન આહુજા અને પ્રાધ્યાપક શ્રી મયુરકુમાર મરોલીયા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી સુધાકરજી માસ્ટર, વ્યવસ્થાપકશ્રી ચંદ્રકાંતભાઈ શાહ તથા વી.ટી.પોદ્દાર બી.સી.એ. કોલેજના પ્રધાનાચાર્ય શ્રી હેમાંગભાઈ દેસાઈએ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. વિજ્ઞાન પ્રદર્શન બી.એડ્. ના તાલીમાર્થીઓ દ્વારા યોજવામાં આવ્યું હતું. વિજ્ઞાનના વિવિધ પ્રોજેકટ રજૂ કર્યા હતા. પ્રમુખશ્રી અને મહેમાનશ્રીએ બે પ્રોજેકટને વિજેતા ઘોષિત કર્યા હતા. પ્રાંસગિક ઉદ્દબોધન પ્રાધાનાચાર્યશ્રી ડૉ. રિદ્ધિ દેસાઈએ કર્યું હતું. પ્રાધ્યાપિકાશ્રી ભાવિકા પટેલએ કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન કર્યું હતું.

### વોકેશનલ કોર્સનો ઉદ્દઘાટન સમારોહ

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરા ખાતે તા. ૨–૩–૨૦૨૨ના રોજ વિવિધ વોકેશનલ કોર્સનો ઉદ્દઘાટન સમારોહ યોજાયો હતો. આ વોકેશનલ કોર્સીસ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ.કોલેજ, વી.ટી.પોદ્દાર બી.સી.એ. કોલેજ તથા વી.ટી.પોદ્દાર કોમર્સ

કોલેજના સંયુકત ઉપક્રમે રચના કરવામાં આવેલ. જેમાં કુલ ૭ વોકેશનલ કોર્સનો પ્રારંભ કરાયો છે. જેમાં એટીવ રાઈટીગ, લાઇફસ્કીલ એજ્યુકેશન, ફાઉન્ડેશન કોર્સ ઓફ યોગા, ફાઉન્ડેશન કોર્સ ઓફ કોમ્પેટેટીવ એકઝામ , બેઝિક એકાઉન્ટિંગ ટેલી, બેઝિક ઓફ પાયથોન પ્રોગ્રામિંગ લેંગ્વેજ સહિતના કોર્સનો પ્રારંભ કરાયો છે. આ તમામ કોર્સ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા માન્યતા પ્રાપ્ત થયેલ કોર્સ છે. જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે. ૨ ક્રેડિટનો કોર્સ છે. જેમાં ૩૦ કલાક સુધી અભ્યાસ કર્યા બાદ પરીક્ષા લેવાશે અને પાસ થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત થશે. આ ઉદ્દઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, શ્રી ડૉ. સ્નેહલ જોશી (ડિન, ફેકલ્ટી ઓફ કમ્પ્યૂટર સાયન્સ), શ્રીમતી ડૉ. પત્રલેખા બારડ (ડિન, ફેકલ્ટી ઓફ એજ્યુકેશન), શ્રી ડૉ. મેહુલ દેસાઈ (આચાર્ય, ઉધના સીટીઝન કોમર્સ કોલેજ), આરજે વીર (પ્રાઈમ ટાઈમ જોકી–૯૧.૧ એફ.એમ.), વનિતા રાવત (મોટીવેશનલ સ્પીકર), સંસ્થાના પ્રમુખશ્રી સુધાકરજી માસ્ટર, સેક્રેટરીશ્રી નિરજભાઈ પટેલ, વ્યવસ્થાપકશ્રી ચંદ્રકાંતભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કુલપતિ શ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા ઓનલાઈનના માધ્યમથી જોડાયા હતા. શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત ત્રણેય કોલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રાસંગિક ઉદ્દબોધન કરી પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમની પૂર્ણાહુતિ રાષ્ટ્રગાન દ્વારા કરવામાં આવી હતી.



## B. P. Baria Science Institute, Navsari.

### Academic Programmes

An inter college lecture series was arranged by the Microbiology department of B P Baria Science Institute Navsari on 30th December 2021 for T. Y. B. Sc. students. The function was presided over by Dr. Gaurav Shah, Coordinator Biotechnology Department Veer Narmad South Gujarat Uuniversity Surat. Dr. Gaurav has enlightened the students on the Topic of Fermentation Technology with special emphasis on "Screening of new metabolites"

The students were enlightened by the talk and showed good interactive response on the subject. Dr. Gaurav shah has promised us to share his expertise with us again in near future.







## Invited talk

The Zoology Department of B. P. Baria Science Institute is one of the oldest biology department in South Gujarat which started in 1946. The department had arranged an invited talk on 20th January 2022 with an aim of creating awareness among the M.Sc. and T.Y.B.Sc. students regarding their unlimited career opportunities for Zoology. The keynote speaker Dr. Arun kumar H Dholakia is a retiredd Associate Professor with an experience of more than three decades of teaching at UG and PG level. He had enlightened the students with his inner instinct, passion and knowledge of Zoology and motivated them to aspire more and more in this field. Department Head Dr. A. I. Shah had introduced the speaker to the students and Prof. B. N. Parmar had concluded the program with a vote of thanks.





## Invited talk

It was matter of great pride and honour that an IITician had visited B. P. Baria Science Institute after a very long span. Mr. Syamal Kumar De is a Chemical Engineer from IIT Mumbai who had been present at B. P. Baria on 5th January Saturday to enlighten our T.Y.B.Sc. Chemistry students on "Importance of Chemistry in life". The renowned Scientist is a Senior Vice President at ATUL Ltd.. The wealth and information shared by him will help to nurture our students and help them to go a long way in all their Endeavour's in life.






## Extension Activities

A blood donation camp was organized by B. P. Baria Science Institute, Navsari with the coordination of our NSS team and Red cross Society Navsari. It was organized on 7th January 2021. Staff members and the students had done their level best to collect maximum bags as possible. But unfortunately those students who were under weight or had a low hemoglobin count could not be a part of this noble cause. We collected 49 blood bags and we thank Shri Jasubhai Naik, the secretary of red cross society and our NSS programme officers Dr. Jitu H. Tandel and Dr. Rajesh B Patel for their efforts.






**Akhand Bharat ke Panch Prakalp Programme**



As per the notification of Govt. of Gujarat, a program was organized at B. P. Baria Science Institute Navsari under the banner of "Akhand Bharat ke Panch Prakalp" and NSS where the students of all the classes participated in different completions like Patriotic song singing, Poster making and Elocution competition. I was a step to bring awareness among the students of their own skills of which they themselves sometimes remain unaware. This type of programs initiated by the Government of Gujarat provides a platform to the youth to find their own talent and thereby work upon it besides having a degree. 1st, 2nd and 3rd prize were given to the students for their performance and and our program officer Dr. Jitu Tandel and Dr. Rajesh B. Patel helped to carry out the function smoothly. Dr. Farida P. Minocheherhomji, Dr. Alkesh I. Shah and Dr. A. C. Champaneri presided over the function.

**Republic Day Celebration**

As the nation is celebrating it's 73rd Republic day, B. P. Baria Science Institute along with Dinshaw Daboo Law College had jointly organised the flag hoisting ceremony in the premises of B. P. Baria Science Institute. The flag hoisting was done by Dr. Kirtida K Vaidya which was followed by a inspiring speech. Staff members and students of B. P. Baria and D. D. Law College were present for the occasion. The entire function was anchored by Mrs. Ekta Desai and the entire event was organised by Dr. Jitu Tandel along with NCC and NSS students. The function was concluded by a patriotic song by Mrs. Neha Rathod and Mukesh Tandel.






**Vaccination Drive for Students**



Keeping in mind the safety of all students and staff of the college in general and the individual in particular a Covaxin vaccine camp was organized at B. P. Baria Science Institute Navsari for F.Y.B.Sc. students below 18 years on 21st January 2021. A total of 59 students had avail the opportunity and were vaccinated.

## Extra-curricular Activities

Our student Miss Dhwani Patel from T. Y. B. Sc. Microbiology has won 2nd prize in Inter College Nail Art competition for undergraduate students. The competition was organised by K. B. S. Commerce and Natraj Professional Science College, Vapi.



## Udhna Citizen Commerce College & & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### પથદર્શક– કોમર્સ કલબ







ઉધના કોલેજમાં તા. ૪–૧–૨૦૨૨ના રોજ વાણિજય વિભાગ દ્વારા કોમર્સ કલબ–પથદર્શકની શરૂઆત કરવામાં આવી. આ કલબ અંતર્ગત વિદ્યાથીઓને વિવિધ પ્રવૃત્તિ દ્વારા કારકિર્દીમાં આગળ વધવા માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. આ કલબ હેઠળ વિવિધ પ્રવૃતિ જેવી કે બેંક મુલાકાત, સંચાલકીય રમતો, ઔધોગિક મુલાકાત, કવીઝ, રોલ પ્લે, પ્રેસ કોન્ફરન્સ, સમૂહ ચર્ચા, પાવર પોઇન્ટ પ્રેઝનટેશન, મોક પાર્લામેન્ટ, મોક ઈન્ટરવ્યુ વગેરે યોજાશે. આ કલબ શરૂ કરવાનો મુખ્ય હેતુ વર્ગખંડના શિક્ષણને વ્યવહારુ વળાંક આપવાનો છે. જેનાથી શિક્ષણ શીખવાની પ્રક્રિયામાં આનંદદાયક ક્ષણો આવે. ઉદઘાટન સમારોહ પછી ટીમ બિલ્ડિંગ રમતોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વાણિજય વિભાગ દ્વારા કોલેજના આચાર્ય ડૉ. મેહુલ દેસાઈનો દરેક પ્રયાસને સફળ બનાવવા સતત સહકાર આપવા બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

### કાર્ડ : સ્પર્ધા

ઉધના કોલેજમાં કલા કૌશલ્ય ધારા હેઠળ તા. ૦૪–૦૧–૨૦૨૨ના રોજ "કાર્ડ બનાવવાની સ્પર્ધા"નું આયોજન કર્યું હતું. આ સ્પર્ધામાં ૨૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમની સર્જનાત્મકતા અને હસ્તકળાનું પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં હિમાલય યોગીને પ્રથમ, ખાન ઈમાનને દ્વિતિય અને નલિયા બંસરીને તૃતિય ક્રમ પ્રાપ્ત થયો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. રૂચિ પુરોહિત અને પ્રા. બેનાઈફર ડુમસિયાએ સેવા આપી હતી. સમિતિ દ્વારા આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી શેબી ટેકનલ, ઉપાચાર્યશ્રી ડૉ. મનીષ કાયસ્થ કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનો તેમની પ્રેરણા અને સમર્થન માટે ખાસ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.





## રમત ગમત ક્ષેત્રે સિદ્ધિ

ઉધના કોલેજની S.Y.B.Com. ની વિદ્યાર્થિની મિસ સિલ્કી મુકેશ નાગપુરે એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે આયોજીત ઇન્ટર કોલેજ ક્રોસ કન્ટ્રી (વુમન) ચેમ્પિયનશિપ–૨૦૨૨માં બીજા ક્રમે રહી હતી. આ ઇવેન્ટમાં કુલ ૧૬ કોલેજોએ ભાગ લીધો હતો અને ૫૩ વિદ્યાર્થિનીઓમાંથી સિલ્કીએ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં દ્વિતિય સ્થાન મેળવ્યું હતું. સિલ્કીની માર્ચ મહિનામાં મેંગલોર યુનિવર્સિટી, કર્ણાટક ખાતે ઓલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી ક્રોસ કન્ટ્રી ચેમ્પિયનશિપ–૨૦૨૨ માટે પસંદગી થઈ છે. સિલ્કીને આ સિદ્ધિ બદલ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈએ અભિનંદન પાઠવ્યા હતાં.





## રમત ગમત સ્પર્ધા

૧. ઉધના કોલેજમાં વ્યાયામ, યોગ અને ખેલકૂદ ધારા હેઠળ, રમત ગમત દિવસનાં ભાગરૂપે બહેનો અને ભાઈઓ માટે આંતર વર્ગ ચેસ સ્પર્ધા યોજાઈ હતી. આંતર વર્ગ ચેસ (બહેનો) સ્પર્ધા–૨૦૨૨માં ૧. જાંગીડ સુમન (ટી.વાય.બી.કોમ.) ૨. સાહુ અન્નુ (ટી.વાય.બી.કોમ.) અને ૩. દસલાનીયા જેનીસા (એસ.વાય.બી.સી.એ.) તથા આંતર કોલેજ ચેસ (ભાઈઓ) સ્પર્ધા–૨૦૨૨માં ૧. ત્રિવેદી પાર્થ (ટી.વાય.બી.સી.એ.) ૨. પ્રજાપતિ વિનય (એફ.વાય.બી.કોમ.) અને ૩. લાઠીયા ફેનિલ (ટી.વાય.બી.સી.એ.) વિજેતા રહ્યા હતા. તમામ વિજેતાઓને આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઇ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



૨. ઉધના કોલેજમાં વ્યાયામ, યોગ અને ખેલકૂદ ધારા હેઠળ, રમત ગમત દિવસનાં ભાગરૂપે બહેનો અને ભાઈઓ માટે આંતર વર્ગ બેડમિન્ટન સ્પર્ધા યોજાઈ હતી. આંતર વર્ગ બેડમિન્ટન (બહેનો) સ્પર્ધા–૨૦૨૨માં ૧. આસ્થા જી. જૈન (એસ.વાય.બી.કોમ.) ૨. શ્વેતા ચૌરસિયા (ટી.વાય.બી.કોમ.) અને ૩. રિદ્ધિ પટેલ (એફ.વાય.બી.કોમ.) તથા આંતર કોલેજ બેડમિન્ટન (ભાઈઓ)માં ૧. લક્ષ જુનેજા (એફ.વાય.બી.બી.એ.) ૨. હેમાનંદ એચ. પ્રધાન (એસ.વાય.બી.કોમ.) અને ૩. અક્ષય શૈલેન્દ્ર સિંગ (એફ.વાય.બી.બી.એ.) વિજેતા રહ્યા હતા. તમામ વિજેતાઓને આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઇએ અભિનંદન પાઠવ્યા હતાં.



૩. ઉધના કોલેજમાં વ્યાયામ, યોગ અને ખેલકૂદ ધારા હેઠળ, રમત ગમત દિવસનાં ભાગરૂપે આંતર વર્ગ શોટ–પુટ પ્રતિયોગિતા યોજાઈ હતી. આંતર વર્ગ શોટ–પુટ (બહેનો) સ્પર્ધામાં ૧. રાણપરિયા કીર્તિશા (એફ.વાય.બી.

બી.એ.) ૨. અંસારી રોબીના (એસ.વાય.બી.કોમ.) ૩. કાજલ રાજપૂત (એસ.વાય.બી.કોમ.) તથા (ભાઈઓ)માં ૧. ઠાકોર હર્ષ એસ. (એફ.વાય.બી.બી.એ.) ૨. સદાની વિષ્ણુદેવ ઓ. (એસ.વાય.બી.કોમ.) અને ૩. સચિન ઉપાધ્યાય (એફ.વાય.બી.સી.એ.) વિજેતા રહ્યા હતા. તમામ વિજેતાઓને આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઇએ અભિનંદન પાઠવ્યા હતા.



**૪.** ઉધના કોલેજમાં વ્યાયામ, યોગ અને ખેલકૂદ ધારા હેઠળ, રમત ગમત દિવસનાં ભાગરૂપે આંતર વર્ગ ટેબલ ટેનિસ (ભાઈઓ)ની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૧. મોલિયા હરિ એચ. (ટી.વાય.બી.બી.એ.) ૨. સિંગ અક્ષય એસ. (એફ.વાય.બી.બી.એ.) અને ૩. પટેલ શૂભમ વી. (એફ.વાય.બી.સી.એ) વિજેતા રહ્યા હતા. તમામ વિજેતાઓને આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઇ દ્વારા અભિનંદન પાઠવવામા આવ્યા હતા.



**૫.** ઉધના કોલેજમાં વ્યાયામ, યોગ અને ખેલકૂદ ધારા હેઠળ, રમત ગમત દિવસનાં ભાગરૂપે આંતર વર્ગ ક્રિકેટ ટુર્નામેન્ટ (ભાઈઓ)ની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ટી.વાય.બી.કોમ. ચેમ્પિયન તથા એફ.વાય.બી.બી.એ. રનર્સ અપ રહ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઇ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.




**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
I/c. University Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Publisher : Dr. Jaydip N. Chaudhari**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in